# બજેટમાં ગુજરાત માટે 20,011 કરોડ

**કેન્દ્રીય** બજેટ 2026 - ગુજરાતને મળનારા હાઇ-ઇમ્પેક્ટ લાભ

ગાંધીનગર : કેન્દ્રીય બજેટ 2026માં દેશના આર્થિક વિકાસમાં અગ્રેસર રહેલા ગુજરાત રાજ્યને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ઔદ્યોગિક, વ્યાપારી અને માળખાકીય શક્તિ ધરાવતા ગુજરાતના સર્વાંગી વિકાસને વધુ વેગ આપવા માટે કેન્દ્ર સરકારે રાજ્ય માટે કુલ 20,011 કરોડની મોટી બજેટ જોગવાઈ કરી છે. આ જોગવાઈ રાજ્યના વિકાસપ્રવાસને નવી દિશા અને ગતિ આપનાર સાબિત થશે. બજેટમાં સેમીકન્ડક્ટર ઉદ્યોગ, રેલવે-મેટ્રો, માર્ગો, એરવેઝ, આવાસ, ડિજિટલ અને ઔદ્યોગિક માળખાગત સુવિધાઓ, પ્રવાસન તથા શિક્ષણ જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોને પ્રાથમિકતા આપવામાં આવી છે. આ રોકાણોથી ગુજરાતમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસશે અને રોજગારની વિશાળ તકો સર્જાશે.

### કર હસ્તાંતરણ અને અનુદાનમાં નોંધપાત્ર વધારો

બજેટ અંદાજ 2026-27 હેઠળ ગુજરાતને કરની વહેંચણી રૂપે રૂ.57,310 કરોડ ફાળવવામાં આવ્યા છે. વર્ષ 2014થી અત્યાર સુધી ગુજરાતને રૂ.3.24 લાખ કરોડનું કર હસ્તાંતરણ અને રૂ.1.88 લાખ કરોડનું અનુદાન સહાય મળ્યું છે. ઉપરાંત, મૂડી ખર્ચ માટે 50 વર્ષ માટે વ્યાજમુક્ત લોન સ્વરૂપે વિશેષ સહાય હેઠળ 2020-21થી જાન્યુઆરી 2026 સુધી ગુજરાતને કુલ રૂ.19,185 કરોડ ફાળવાયા છે.

### રેલ, માર્ગ અને મેટ્રોમાં ઐતિહાસિક રોકાણ

ગુજરાતમાં રેલવેના નવા ટ્રેક, વિદ્યુતીકરણ અને આધુનિકીકરણમાં ઝડપી પ્રગતિ થઈ છે. મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ, ચાર વંદે ભારત ટ્રેનો, 87 અમૃત સ્ટેશનો અને અનેક ડબલિંગ તથા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ્સ રાજ્યની કનેક્ટિવિટી મજબૂત બનાવી રહ્યા છે. અમદાવાદ મેટ્રોના ફેઝ-1 અને ફેઝ-2ના લોકાર્પણથી શહેરી પરિવહનમાં નવી ક્રાંતિ આવી છે. ભારતમાલા યોજના હેઠળ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે, અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસવે સહિત પાંચ ગ્રીનફિલ્ડ કોરિડોર અને અનેક રાષ્ટ્રીય હાઇ સ્પીડ કોરિડોર પ્રોજેક્ટ્સથી રાજ્યમાં માર્ગ માળખું મજબૂત બન્યું છે.

### એરપોર્ટ, ઉડાન અને લોજિસ્ટિક્સમાં નવી ઊંચાઇ

રાજકોટ ગ્રીનફિલ્ડ એરપોર્ટ શરૂ થયો છે, જ્યારે ધોલેરા એરપોર્ટને સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. ઉડાન યોજના હેઠળ 8 એરપોર્ટ અને 36 હવાઈ માર્ગો કાર્યરત થયા છે. સુરત એરપોર્ટનું નવું ટર્મિનલ અને કૃષિ ઉડાન યોજનાથી ખેડૂતોને પણ લાભ મળશે.

### ઊર્જા, સેમીકન્ડક્ટર અને ઉદ્યોગોમાં બૂસ્ટ

સોલાર, પવન અને બેટરી એનર્જી સ્ટોરેજ સહિતની નવીનીકરણીય ઊર્જા યોજનાઓ, કાકરાપાર પરમાણુ પ્લાન્ટ, તેલ પાઇપલાઇન અને ઓફશોર વિન્ડ પ્રોજેક્ટ્સથી ગુજરાત ઊર્જા ક્ષેત્રમાં અગ્રેસર બન્યું છે.

### પ્રવાસન, સંસ્કૃતિ અને સામાજિક યોજનાઓમાં વ્યાપક લાભ

દ્વારકા, સોમનાથ, અંબાજી, લોથલ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતના પ્રોજેક્ટ્સથી 'વિરાસત ભી, વિકાસ ભી'નો અભિગમ સાકાર થયો છે. જન ધન, ઉજ્જ્વલા, આયુષ્માન, PM કિસાન, જલ જીવન મિશન જેવી યોજનાઓથી કરોડો ગુજરાતીઓને સીધો લાભ મળ્યો છે.

### ગુજરાતને મળેલા લાભ

- કેન્દ્રીય બજેટમાં ગુજરાતને રૂ.20,011 કરોડની વિશેષ જોગવાઈ, વિકાસને મોટો બૂસ્ટ
- કર હસ્તાંતરણરૂપે રાજ્યને રૂ.57,310 કરોડ, નાણાંકીય સ્થિરતા મજબૂત
- મૂડી ખર્ચ માટે 50 વર્ષીય વ્યાજમુક્ત લોન રૂ.19,185 કરોડ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને વેગ
- મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટથી ગુજરાત દેશની હાઈ-સ્પીડ રેલનું હબ
- 4 વંદે ભારત ટ્રેનો અને 87 અમૃત સ્ટેશનો, રેલવે સુવિધાઓ આધુનિક બનશે
- અમદાવાદ મેટ્રો ફેઝ-1 અને ફેઝ-2 શરૂ થતાં શહેરી પરિવહનમાં ક્રાંતિ
- દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે અને અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસવે, ઉદ્યોગોને ઝડપી કનેક્ટિવિટી
- રાજકોટ ગ્રીનફિલ્ડ એરપોર્ટ શરૂ, ધોલેરા આંતરરાષ્ટ્રીય એરપોર્ટને મંજૂરી
- PM MITRA મેગા ટેક્સટાઇલ પાર્ક અને ટેક્સટાઇલ માટે 6 યોજનાઓ, ઉદ્યોગને વૈશ્વિક બળ
- સાણંદ-ધોલેરામાં સેમીકન્ડક્ટર યુનિટ્સ, હાઈ-ટેક મેન્યુફેક્ચરિંગમાં આગવી ઓળખ
- 3 કેમિકલ પાર્ક અને રૂ.10,000 કરોડની બાયોફાર્મા જોગવાઈ, ઔદ્યોગિક રોકાણમાં વધારો
- ઓફશોર વિન્ડ, સોલાર અને બેટરી એનર્જી પ્રોજેક્ટ્સ, ઊર્જા ક્ષેત્રે ગુજરાત અગ્રેસર
- દ્વારકા, સોમનાથ, લોથલ-ધોળાવીરા સહિતના પ્રવાસન પ્રોજેક્ટ્સ, 'વિરાસત ભી, વિકાસ ભી'
- ટિયર-2 અને ટિયર-3 શહેરોને સિટી ઇકોનોમિક રિજીયન, નાના શહેરોનો સુગ્રથિત વિકાસ
- સમગ્ર બજેટથી રોજગાર સર્જન, ઉદ્યોગ વૃદ્ધિ અને ગુજરાતનો વિકાસ એન્જિન રૂપે દરજ્જો વધુ મજબૂત

## ચક્રવાતી સિસ્ટમની અસર હેઠળ આજે માવઠું થશે

**ઠંડીમાં** રાહત, નલિયામાં 13 ડિગ્રી ઠંડી



ગાંધીનગર : ગુજરાત પર રહેલી ચક્રવાતી હવાના દબાણની સિસ્ટમની અસર હેઠળ ગુજરાતમાં આગામી 24 કલાક દરમ્યાન અરવલ્લી,ખેડા , આણંદ , પંચમહાલ , દાહોદ , મહીસાગર , વડોદરા અને ભરૂચ સહિતના જિલ્લામાં માવઠાની વકી છે. હવમાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ , રાજયમાં આગામી 24 કાલકમાં માવઠું થશે, જયારે આજે દિવસ દરમ્યાન વાદળછાયા વાતાવરણના કારણે ઠંડીમાં રાહત મળી હીત. કચ્છના નલિયામાં 13 ડિગ્રી ઠંડી નોંધાવવા પામી હતી. આ રીતે આગામી આખા સપ્તાહમાં ઠંડી કે ગરમીમાં કોઈ વધઘટ થવાની નથી.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ , રાજયમાં આજે અન્ય શહેરો પૈકી ભૂજમાં 16 ડિ.સે.,નલિયામાં 13 ડિ.સે., કંડલા પોર્ટ પર 18 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 15 ડિ.સે.,અમરેલીમાં 19 ડિ.સે., ભાવનગરમાં 20 ડિ.સે.,પોરબંદરમાં 16 ડિ.સે., રાજકોટમાં 17 ડિ.સે., સુરેન્દ્રનગરમા 19 ડિ.સે., મહુવામાં 20 ડિ.સે., કેશોદમાં 18 ડિ.સે.,અમદાવાદમાં 20 ડિ.સે.,ડીસામાં 17 ડિ.સે.,ગાંધીનગરમાં 19 ડિ.સે.,વલ્લભ વિદ્યાનગરમાં 21 ડિ.સે.,વડોદરામાં 20 ડિ.સે., સુરતમાં 20 ડિ.સે. અને દમણમાં 20 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાવવા પામ્યું છે.

## પૂજારીના મોબાઈલમાંથી વૃદ્ધાઓના 150થી વધુ ફોટો મળ્યા



**સાત** મહિના પહેલા કેશોદમાંથી ગુમ થયેલી વૃદ્ધાની ગામના જ પૂજારીએ હત્યા કરી હતી

### આરોપીએ લૂંટના પૈસે ઘરમાં રિનોવેશન અને સોલાર પ્લાન્ટ ફિટ કરાવ્યો

હત્યા કર્યા બાદ મહેશ વ્યાસે લાશને પ્લાસ્ટિકના બાચકામાં ભરી દોરીથી બાંધી દીધી હતી. તેણે આ લાશને પોતાની મોટરસાયકલ પર લઈ જઈ ગામની સીમમાં આવેલા એક અવાવરૂ કૂવામાં ફેંકી દીધી હતી. બીજી તરફ લૂંટના પૈસાથી તેણે પોતાના ઘરમાં રિનોવેશન કરાવ્યું અને સોલાર પ્લાન્ટ પણ ફીટ કરાવ્યો હતો. તેની અચાનક બદલાયેલી રહેણી-કહેણી જ પોલીસ માટે શંકાનું મુખ્ય કારણ બની હતી.

સુરત : જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના ખમીદાણા ગામમાં સાત મહિના પહેલા રહસ્યમય રીતે ગુમ થયેલા 65 વર્ષીય સુમરીબેન ઉર્ફે મણીબેન બારૈયાના કેસમાં મોટો ખુલાસો થયો છે. ગામની છેવાડે આવેલા એક અવાવરૂ કૂવામાંથી માનવકંકાલ અને કીમતી દાગીના મળી આવ્યા છે. ખમીદાણ ગામનો પુજારી મહેશ વ્યાસ નામના આરોપીએ લૂંટના ઈરાદે વૃદ્ધની કરપીણ હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. પોલીસ તપાસમાં આરોપીએ વૃદ્ધા પર દુષ્કર્મનો પ્રયાસ પણ કર્યો હતો પણ વૃદ્ધાએ પ્રતિકાર કરતાં તેણે તેમની હત્યા કરી દાગીના લૂંટી લીધા હતાં.

ખમીદાણ અને આસપાસના 450 લોકોની પૂછપરછ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન મહેશ મુકેશભાઈ વ્યાસના વર્તન પર શંકા ગઈ હતી. પાંચ કલાકની સઘન પૂછપરછ અને યુક્તિ-પ્રયુક્તિ બાદ મહેશે પોતાનો ગુનો કબુલ્યો હતો.

પોલીસ તપાસમાં બહાર આવ્યું કે, સુમરીબેન જ્યારે હોસ્પિટલથી પરત ફરી રહ્યા હતા, ત્યારે મહેશ વ્યાસ જે મંદિરનો પૂજારી હતો તેમને ઓળખતો હોવાથી તેણે પાણી પીવાના બહાને પોતાના ઘરે બોલાવ્યા હતા અને હત્યા કરી લૂંટી લીધા હતા. પકડાયેલા આરોપી મહેશ વ્યાસના મોબાઈલમાંથી ઉમર લાયક મહિલાઓના 150 વધુ ફોટાઓ મળી આવ્યા છે. મહેશ લાદી બતાવવાના બહાને ફોઈને રૂમમાં લઈ જઈ તેમની સાથે દુષ્કર્મ આચરવાની કોશિશ કરી હતી. જ્યારે વૃદ્ધાએ પ્રતિકાર કર્યો ત્યારે મહેશે તેમના જ ઓઢણાથી ગળે ટૂંપો દઈ તેમની હત્યા કરી નાખી હતી. હત્યા બાદ આરોપીએ વૃદ્ધાના 15 તોલા સોનાના દાગીના અને 2 લાખની રોકડ લૂંટી લીધી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસે પહેલા ટેકનીકલ સર્વેલન્સનો ઉપયોગ કર્યો હતો. પરંતુ વૃધ્ધા સાદો મોબાઈલ વાપરતી હોવાથી તેનું લોકેશન ટ્રેસ થતું ન હતું.

## પરવટ પાટિયા પર ચપ્પુ બતાવી યુવાનનું સરેઆમ અપહરણ

**અગાઉ** રેસ્ટોરન્ટમાં બેસવા બાબતે થયેલી મારામારીની અદાવતમાં કુરિયર બોયને ઉઠાવી લેવાયો

**માર** મારી કારમાં ઉપાડી જઇ કેસરભવાની સોસાયટી પાસે છોડી દેવાયો

સુરત : સુરત શહેરના પરવટ પાટિયા વિસ્તારમાં ધોળા દિવસે ચપ્પુની અણીએ કુરિયરબોયનું અપહરણ કરવામાં આવ્યું હતું. થોડા દિવસ પહેલા હોટલમાં બેસવા બાબતે થયેલા ઝગડાનો બદલો લેવા યુવાનને જાહેરમાં માર મારી કારમાં ઉપાડી જઈ ડિંડોલી વિસ્તારમાં છોડી દેવામાં આવ્યો હતો.

આ ઘટનાની મળતી માહિતી અનુસાર ડિંડોલી વિસ્તારમાં રહેતા ફરિયાદી પ્રદીપસિંહ રાજેશ્વરસિંહ રાજપૂત કુરિયર બોય તરીકે નોકરી કરે છે, તેમણે પુણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ ઘટના 16 જાન્યુઆરી, 2026ના રોજ બપોરે આશરે 1:30 વાગ્યે પરવટ પાટિયા ચાર રસ્તા પાસે, ડી.જી. પોઈન્ટ એપાર્ટમેન્ટની સામે બની હતી. પ્રદીપસિંહ જ્યારે કુરિયરની ડિલિવરી આપીને નીચે ઊતર્યા ત્યારે આકાશ રાજપૂત, ગોપાલ અને અન્ય છ જેટલા શખસોએ તેમને ઘેરી લીધા હતા.

આરોપીઓએ તેમને ગાળો આપી માર માર્યો હતો અને બળજબરીપૂર્વક બ્લૂ કલરની સુઝુકી ફોર-વ્હીલ ગાડીમાં બેસાડી દીધા હતા. ગાડીમાં બે ઈસમોએ પ્રદીપસિંહની કમર પર ચપ્પુ રાખી તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અપહરણકારો તેમને મહારાણા પ્રતાપ ચોક, પૂર્વાંચલ રેસ્ટોરન્ટ અને ડિંડોલી બ્રિજ નીચે ફેરવી અંતે કેસર ભવાની સોસાયટી પાસે ઉતારીને ફરાર થઈ ગયા હતા. પોલીસ ફરિયાદ મુજબ, આ ઘટના પાછળ 14 જાન્યુઆરીના રોજ થયેલી એક માથાકૂટ જવાબદાર છે.

પૂર્વાંચલ રેસ્ટોરન્ટમાં બેસવા જેવી નજીવી બાબતે પ્રદીપસિંહ અને આરોપી આકાશના પિતરાઈ ભાઈ અભિષેક રાજપૂત વચ્ચે બોલાચાલી થઈ હતી, જેમાં પ્રદીપસિંહે અભિષેકને માર માર્યો હતો. આ અદાવત રાખીને આકાશે તેના મિત્રો સાથે મળીને આ અપહરણનું કાવતરું ઘડ્યું હોવાનું મનાય છે.

## નાનપુરામાં કિશોરો પટ્ટા વડે એકબીજા પર તૂટી પડયા

**અઠવામાં** ઓવરટેક કરવા મામલે લબરમુછીયાઓ વચ્ચે જંગ

**હિજડાવાડમાં** ગાડી ઓવરટેક કરવા બાબતે જાહેરમાં થયેલી મારામારી સોશિયલ મીડિયામાં વાયરલ



સુરત : સુરત શહેરના અઠવા વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં માત્ર વાહન ઓવરટેક કરવા જેવી નજીવી બાબતે કેટલાક લબરમુછીયા યુવાનો વચ્ચે ઉગ્ર મારામારી થઈ હતી. રસ્તા વચ્ચે થયેલી આ બબાલનો વીડિયો સ્થાનિકોએ બનાવી લીધો હતો, જેમાં કિશોરો એકબીજા પર પટ્ટા અને લાકડા વડે હુમલો કરતા જોવા મળ્યા હતા. અઠવા વિસ્તારના હીજડા વાડ પાસે આ ઘટના બની હતી. શરૂઆતમાં માત્ર વાહન હટાવવા કે ઓવરટેક કરવા બાબતે બે પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી. જોકે, આ બોલાચાલી જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી ગઈ હતી. લગભગ 6થી વધુ કિશોરો અને યુવાનો એકબીજા પર તૂટી પડ્યા હતા. કિશોરો જાહેર રસ્તા પર જ એકબીજાના વાળ ખેંચીને, ધક્કામુક્કી કરીને અને લાતો મારીને હિંસા પર ઉતરી આવ્યા હતા. આ મારામારી એટલી હદે વકરી હતી કે યુવાનોએ રસ્તા પર પડેલા લાકડાની ફ્રેમ, કમરના પટ્ટા (બેલ્ટ) અને પથ્થરોનો હથિયાર તરીકે ઉપયોગ કરવાનું શરૂ કર્યું હતું. આ હિંસક અથડામણમાં કેટલાક યુવાનોને ગંભીર ઈજાઓ પણ પહોંચી હોવાનું સામે આવ્યું છે. ધોળે દિવસે જાહેર માર્ગ પર પટ્ટા અને લાકડા ઉછળતા જોઈ રસ્તે ચાલતા રાહદારીઓ અને સ્થાનિક રહીશો પણ હેબતાઈ ગયા હતા. કેટલાક લોકોએ ઘટનાનો વીડિયો મોબાઈલમાં કેદ કરી લીધો હતો. સોશિયલ મીડિયા પર આ વીડિયો વાયરલ થતાં અઠવા પોલીસ હરકતમાં આવી હતી. પોલીસે વીડિયોના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. સીસીટીવી ફૂટેજ અને વાયરલ વીડિયોના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને ત્રણ કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરોની ઓળખ કરી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં એ વાતની પુષ્ટિ થઈ છે કે ઝઘડાનું મુખ્ય કારણ માત્ર રસ્તા પર વાહન હટાવવા જેવી બાબત હતી. હાલ પોલીસ અન્ય યુવાનોની શોધખોળ કરી રહી છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સુડોકુ ૬૪૩૭ - 'શ્રુતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | ૭ | ૮ | | ૩ | ૯ | ૧ |
| ૯ | ૩ | | ૨ | | | | ૮ | |
| ૪ | ૭ | ૮ | ૩ | | | | ૫ | ૬ |
| | | ૩ | ૫ | | ૬ | ૪ | | ૨ |
| ૭ | ૨ | ૬ | | ૯ | ૧ | ૮ | | ૫ |
| ૧ | ૪ | | | ૨ | ૩ | ૬ | ૭ | |
| | | | | | | ૧ | ૨ | ૭ |
| ૨ | ૧ | ૪ | ૯ | | | ૫ | | |
| ૬ | ૮ | | | ૫ | ૨ | | ૪ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

[illegible]

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### હાઇટસ હર્નિયા

છાતી અને પેટ વચ્ચે, જ્યાં બંને તરફથી પાંસળીઓ આવી મળે છે (મણીપુર ચક્ર) ત્યાં થતો દુખાવો વ્યક્તિને ચકરાવે ચઢાવે છે. અપચો અને અયોગ્ય ખોરાકની અસર છે. અડધું કપ ઠંડુ દૂધ લઈ તેમાં અડધું લીંબુ નીચોવી તરત પી જાવ. મુનક્કા - મોટી દ્રાક્ષ લાવી તેમાંથી બીજ કાઢી લો. ચાર દ્રાક્ષમા હિંગ અને સંચળનું મિશ્રણ ભરી, ચાવીને ખાઈ જાવ. આરામ અનુભવો. વારંવાર થાતું હોય તો મુનક્કા લાવી નાની બાટલી- બરણીમા આથી રાખવી.

### શબ્દગુંફન - ૭૧૬૦

અરવિંદ એસ. મારૂ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | ■ | ૫ | |
| | ■ | ૭ | ૮ | | ■ | ૯ | | | ■ |
| ૧૦ | | ■ | | ■ | ૧૧ | | ■ | ૧૨ | |
| | ■ | ૧૩ | ૧૪ | | ■ | ૧૫ | | | ■ |
| ૧૬ | | | ■ | | ■ | ૧૭ | | ■ | ૧૮ |
| | ■ | ૧૯ | | | ■ | ૨૦ | ૨૧ | | |
| ■ | ૨૨ | | ■ | | ■ | ૨૩ | | ■ | |
| ૨૪ | | ■ | ૨૫ | ■ | ૨૬ | | ૨૭ | ■ | ૨૮ |
| | ■ | ૨૯ | | ૩૦ | | ■ | ૩૧ | ૩૨ | |
| ૩૩ | | | ■ | | | ૩૪ | | | |

**આડી ચાવી**

૧. ચિહ્ન, તાકવાનું લક્ષ્ય (૩)
૩. તારનાર (૩)
૫. આબરૂ, વિશ્વાસ (૨)
૭. રહેઠાણ (૩)
૯. પહોંચ, પાવતી (૩)
૧૦. વાનર (૨)
૧૧. ફાયદો (૨)
૧૨. હિમાલય પરનું ચમરી ગાય કે બળદ જેવું એક પશુ (૨)
૧૩. એક જાતનું ઝીણું કપડું (૪)
૧૫. મુસાફરી (૨)
૧૬. ઘોડાવાળો (૩)
૧૭. કલ્યાણ (૨)
૧૯. ફિટકાર, શરમ (૪)
૨૦. નારાજ (૩)
૨૨. પરમેશ્વર (૨)
૨૪. એક વજન (૨)
૨૬. કેળવણી, શિક્ષણ (૩)
૨૯. જિંદગી, જન્મારો (૪)
૩૧. મોજૂદ, પ્રત્યક્ષ (૩)
૩૩. બનાવેલું (૩)
૩૪. સિંહ (૪)

**ઊભી ચાવી**

૧. સ્વામીનું ભૂંડું કરનાર (૬)
૨. આકાશ (૨)
૩. ધૂન, મસ્તી (૨)
૪. હાથીનું બચ્ચું (૩)
૫. પગપાળો પ્રવાસ (૪)
૮. સ્નેહ, પ્રીત (૩)
૧૧. રાતું, રંગીલો (૨)
૧૩. ભાવ, તાત્પર્ય (૪)
૧૪. શ્રમ, જહેમત (૪)
૧૫. પીડા (૩)
૧૮. કાજળ (૨)
૨૧. પ્રસન્ન, રાજી (૨)
૨૨. રેતીનું મેદાન (૨)
૨૩. નાનો ખીલો (૨)
૨૪. મોર (૩)
૨૫. શરીર ગરમ રહેવાનો રોગ (૨)
૨૬. તંતુ, દોર (૨)
૨૭. મોટું (૩)
૨૮. ખપ, જરૂર (૩)
૨૯. વિજય, ફતેહ (૨)
૩૦. સત્ય, સાચું (૨)
૩૨. લગાર, સહેજ (૨)

[illegible]

## ઈનામી જમીનોના અનઅધિકૃત કબજા હક હવે નિયમબદ્ધ થશે

**સીએમ** ભૂપેન્દ્ર પટેલનો મહત્ત્વનો નિર્ણય

### સરકારનો મોટો નિર્ણય - ઇનામી જમીન મુદ્દે ખેડૂતોને રાહત

- રિગ્રાન્ટ થયેલી કે રિગ્રાન્ટને પાત્ર પરંતુ બાકી રહેલી જમીન હવે સરળતાથી નિયમબદ્ધ થશે
- જમીન નિયમબદ્ધ કરવા માટે પ્રવર્તમાન જંત્રીના માત્ર ૨૦% કબજાહક્કની રકમ ભરવી પડશે
- રિગ્રાન્ટ કરાવી હોવા છતાં કબજાકિંમત ન ભરનાર કબજેદારોને સીધો લાભ
- રિગ્રાન્ટ ન થઈ હોય તેવી જમીનના વારસદારોને પણ નિયમબદ્ધતાનો અધિકાર મળશે
- અગાઉ જમીન તબદીલ થઈ ગઈ હોય અને હાલ અન્યના કબજામાં હોય તેવા હાલના કબજેદારોને પણ લાભ
- લાંબા સમયથી ચાલતા જમીન વિવાદો અને કોર્ટ કેસોમાં નોંધપાત્ર ઘટાડો થવાની શક્યતા
- ખેડૂતોને માલિકી હક્કની કાનૂની સુરક્ષા મળશે અને ગ્રામ્ય અર્થતંત્ર મજબૂત બનશે

ગાંધીનગર : સીએમ ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મહેસૂલી ક્ષેત્રે એક મહત્વપૂર્ણ અને ખેડૂતોને સીધો રાહત આપતો નિર્ણય કર્યો છે. રાજ્યમાં વિવિધ ઈનામી જમીનો પરના અનઅધિકૃત કબજાહક્કને નિયમબદ્ધ કરવાની પ્રક્રિયા સરળ બનાવવામાં આવી છે, જેના પરિણામે હજારો ખેડૂતોને મોટો ફાયદો થશે.મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર, રિગ્રાન્ટ કરેલી હોય અથવા રિગ્રાન્ટ કરવાને પાત્ર હોવા છતાં હજી સુધી રિગ્રાન્ટ ન થયેલી જમીનને હવે સરળતાથી નિયમબદ્ધ કરી શકાશે. આ માટે જમીનની પ્રવર્તમાન જંત્રીના માત્ર ૨૦ ટકા કબજાહક્કની રકમ ભરવાની રહેશે.

આ નિર્ણયનો લાભ એવી જમીનોના કબજેદારોને મળશે કે જેઓએ રિગ્રાન્ટ તો કરાવી છે પરંતુ કબજા કિંમત ભરપાઈ કરી નથી, તેમજ જે જમીનો રિગ્રાન્ટ કરવાને પાત્ર હતી પરંતુ કોઈ કારણસર રિગ્રાન્ટ થઈ ન હતી. ઉપરાંત, વારસદારો કે જેમના નામે આવી જમીનો હાલ ધારણમાં છે તેઓ પણ આ યોજનાના લાભાર્થી બનશે.ઉલ્લેખનીય છે કે , જો આવી ઈનામી જમીનો અગાઉ તબદીલ થઈ ગઈ હોય અને હાલ અન્ય કોઈ વ્યક્તિના કબજામાં હોય તો તેવા કબજેદારોને પણ નિયમબદ્ધતાનો લાભ મળશે, જેનાથી જમીન સંબંધિત લાંબા સમયથી ચાલતા વિવાદોનો અંત આવશે. સીએમ ભૂપેન્દ્ર પટેલનો આ નિર્ણય ખેડૂતોને માલિકી હક્કની સુરક્ષા આપતો, મહેસૂલી વિવાદો ઘટાડતો અને ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવતો ઐતિહાસિક પગલું તરીકે જોવામાં આવી રહ્યો છે.

### આગળ ચાલતા ટેમ્પોએ બ્રેક મારતા અથડાયેલા બાઈકચાલકનું મોત

સુરતઃ એ.કે રોડ પર ચાલતા ટેમ્પોએ બ્રેક મારતા પાછળથી અથડાયેલા બાઇકચાલકનું મોત નીપજ્યું હતું. મળેલી માહિતી મુજબ, વરાછા ખાડી મોહલ્લામાં કલ્પેશ બહાદુર ગામિત (25 વર્ષ) બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. કલ્પેશ રોલ પોલિશીંગનું કામ કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. રવિવારે બપોરે તે બાઇક લઈને કામ માટે નીકળ્યો હતો. ત્યારે અશ્વિની કુમાર ઉમિયા ધામ ચાર રસ્તા પાસે એક ટેમ્પો ચાલકે અચાનક બ્રેક મારી દીધી હતી. જેથી પાછળથી કલ્પેશે બાઈકને ટેમ્પો સાથે અથડાવી દીધી હતી. એમ્બ્યુલન્સ મારફતે કલ્પેશને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન સાંજે તેનું મોત નીપજ્યું હતું.

### બાઇકને અકસ્માત નડતાં યુવાનને મણકામાં ફ્રેક્ચર

સુરતઃ બે વિદ્યાર્થીની બાઈકને અકસ્માત નડ્યો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે બાઈક પર સવાર જય અને વીકી બંને રોડ પર પટકાયા હતા. મોપેડને અડફેટે લીધા બાદ પણ કાર ચાલકે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો અને રોડની સાઇડમાં પાર્ક કરેલી બે સ્વિફ્ટ ડિઝાયર અને એક અર્ટિગા કારને એકપછી એક ટક્કર મારી દીધી હતી. અકસ્માત બાદ લોકટોળું એકઠું થઈ ગયું હતું. લોકોએ અર્ધબેભાન હાલતમાં રહેલા કાર ચાલકને બહાર કાઢ્યો હતો અને ૧૦૮ મારફતે ઘાયલોને સનશાઈન ગ્લોબલ હોસ્પિટલ ખસેડ્યા હતા. હોસ્પિટલમાં તપાસ દરમિયાન વીકી પટેલને કમરના મણકામાં ફ્રેક્ચર હોવાનું નિદાન થયું છે, જ્યારે જયને નાક અને માથાના ભાગે સામાન્ય ઈજાઓ પહોંચી છે. ડુમસ પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## આજનું પંચાંગ

**તા. 03/02/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** મહા
**તિથિઃ** વદ: બીજ: 24:42
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** શિશિર
**રાષ્ટ્રિય દિનાંક :** મહા: 14
**યોગ :** શોભન **કરણઃ** તૈતિલ
**નક્ષત્ર :** મઘા: 22:11
**રાશિઃ** સિંહ (મ.ટ.)
**દિવસ :** અશુભ- બુધ કુંભમાં: 21:52
**સુરતમાં સૂર્યોદય :** 07:17 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:29
**નવકારસી :** 08:05
**પારસી વર્ષ :** 1395 શેહરેવર માસનો 23મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, શાબાન માસનો 14મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ,
**રાત્રિનાં ચોઘડિયાંઃ** કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ :** બપોરે : 15:00 થી 16:30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** આર્થિક પ્રગતિ થાય. જીવનસાથી સંતાનોનો સાથ મળે. પરીક્ષામાં અનુકૂળતા રહે. શેર, સટ્ટા, લોટરીમાં ધીરજ રાખવી.

**વૃષભ (બ,વ,ઉ,):** મકાન-જમીન બાબતે સફળતા મળે. રોજગારની યોજના પાર પડે. નોકરીમાં નવી જવાબદારી વધે.

**મિથુન (ક,છ,ઘ,):** આનંદોત્સવમાં સ્વાદિષ્ટ ભોજનનો આનંદ મળે. આધુનિક શિક્ષણમાં વિદ્યાર્થીઓની પ્રગતિ થાય.

**કર્ક (ડ,હ,):** ઘરમાં વિવાદ ટાળવો. વાણી પર કાબૂ રાખવો. ખર્ચા વધશે. ઘરનાં કામમાં કંટાળો આવે.

**સિંહ (મ,ટ,):** કાર્ય સફળતા મળે. માન સન્માન વધે. ઘરમાં અવર-જવર વધે. પારિવારિક પ્રશ્નો હલ થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** યાત્રા-પ્રવાસ થાય. ગુપ્તભય સતાવે. હિત શત્રુઓથી સાવધાન રહેવુ. વિદેશનાં કામમાં ગતિ આવે.

**તુલા (ર,ત,):** સંતાનોના પ્રશ્નોમાં મિત્રોની મદદ મળે. આવક વધારવામાં મિત્રો મદદરૂપ બને. શેરબજારના કામ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** માનસિક અશાંતિ અને ખર્ચા વધશે. જૂના રોગ પરેશાન કરે. નોકરી ધંધામાં બોજ સતાવે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** સામાજિક પ્રતિષ્ઠા વધે. પારિવારિક સમસ્યાનું સમાધાન થાય. કાર્ય પધ્ધતિમાં ફેરફારથી રાહત થાય.

**મકર (ખ,જ,):** નવા સંબંધોમાં સાવધાની રાખવી. આરોગ્યમાં જૂનાં દર્દો સતાવે. ઘરમાં અશાંતિ રહે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ઘરમાં ધાર્મિક ઉત્સવ જેવું રહે. કાયદાકાનૂન બાબતે અનુકૂળતા થાય. રોજના કામમાં આવક વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** નોકર-ચાકર- ચોર-લૂંટારુથી સાવધાન રહેવું. વિવાદથી ઘરમાં અશાંતિ વધે. નોકરીમાં પ્રગતિ થાય.

### કોઈ પણ સાલમાં 03 ફેબ્રુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષવાળુ રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતી રહે. સમાજમાં અશાંતિ વધે. પરિવાર-કૌટુંબિક સમસ્યા સતાવે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સંતાનોના વિવાહ, અભ્યાસ, કેરિયરમાં પ્રગતિ થાય, ખર્ચા વધશે. કોર્ટ-કચેરી-સરકારી કામમાં વિલંબ થાય. ઉંમર-લાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશનાં કામ ધીમાં પડશે. નવા ઘર, વાહન, મકાન બાબતે પ્રગતિ થાય. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. વડીલોની મદદ કોર્ટ, કચેરી, વીલ-વારસા, જમીન-જાયદાદમાં મળે. નોકરી-ધંધામાં ટેકનોલોજીની મદદ મળે. વર્ષ દરમિયાન હરીફો અને હિત શત્રુઓથી સાવધાન રહેવું. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. ફેબ્રુઆરી-માર્ચ તથા નવેમ્બર-ડિસેમ્બર અને ગુરુ-શુક્રવાર 3,12, 21 અને 30 તારીખ નવા કામ માટે અનુકૂળ રહે. સોનેરી રંગનો ઉપયોગ કરતાં રહેવું. જૂન-જુલાઈ અને રવિ-બુધવાર તથા 2,11,20, 29 તારીખે નવા કામ ટાળવા. લાલ અને ભૂરો રંગ ટાળવો.

## સિંગણપોરમાં બેરોજગાર યુવકનો આર્થિક તંગીમાં ફાંસો ખાઈ આપઘાત

સુરતઃ સિંગણપોરમાં બેરોજગાર યુવકે આર્થિક સંકડામણમાં ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ ભાવનગરના વતની ભાવેશ નરશીભાઈ મહિડા (29 વર્ષ) હાલ સિંગણપોરના સુમન દર્શન આવાસમાં એક સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. ભાવેશ હાલ બેકાર હતો. જેથી આર્થિક સંકડામણમાં તેણે રવિવારે સાંજે ઘરમાં લોખડનાં હુક સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

## ચાર્જર બંધ કરવાનું ભૂલી ગયા તો ઈલેક્ટ્રિક બાઈક સળગી ગઈ

સુરતઃ શહેરમાં ઈલેક્ટ્રિક વાહનોમાં આગ લાગવાના બનાવો અવારનવાર બનતા હોય છે. દરમિયાન આજે મળસ્કે વેલંજા ખાતે એક ઘરની અંદર ચાર્જીંગ પર મુકેલી ઈલેક્ટ્રિક બાઈક સળગી ઉઠી હતી. આ ઘટનામાં ઘરમાં સુતેલા પરિવારના સભ્યો સમયસર જાગીને સુરક્ષિત ઘરની બહાર નીકળી જતા જાનહાનિ ટળી હતી. ફાયર વિભાગના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ વેલંજા ચોકડી પાસે મિલેનિયમ રેસીડેન્સી ખાતે રહેતા અલ્પેશભાઈ લાડવાના ઘરમાં આજે વહેલી સવારે ઈલેક્ટ્રીક બાઈમાં આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. પરિવારના સભ્યો ગભરાઈ ગયા હતા, જો કે તેમણે હિંમત દાખવીને આગને ઓલાવવાનાં પ્રયત્નો કર્યા હતા. ફાયર બ્રિગેડને જાણ કરતા મોટાવરાછા ફાયર સ્ટેશનથી લાશ્કરો ઘટના સ્થળે પહોંચ્યા હતા. સબ ફાયર ઓફિસર રાકેશ ગાવિતે જણાવ્યું હતું કે ઈલેક્ટ્રિક બાઈક ચાર્જીંગ પર મુકવામાં આવી હતી, પંરતુ તેની સ્વિચ બંધ કરવાનું ભૂલી ગયા હતા. મળસ્કે લગભગ 5 વાગ્યે બાઈકમાં આગ લાગી જતા સળગી ગઈ હતી.